

## તારા વિના શ્યામ મને એકલડું લાગે ... રાસ રમવાને વહેલો આવજે... નવમા નોરતે અરવલ્લીમાં ખલૈયાઓ હિલોળે ચઢ્યા

કોરાના સંક્રમણને કોરાણે મૂકી મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં નવલી નોરતાની રાત્રિઓમાં ખલૈયાઓ મન મૂકીને શેરી ગરબામાં મન મૂકીને સંગીતના તાલે થીરકી ઉઠ્યું હતું નવમા નોરતે શેરી ગરબામાં ખેલૈયાઓ ઉમટી પડતા આયોજકોએ પ્રવેશ બંધી ફરમાવી પડી હતી નવમા નોરતે ટ્રેડીશનલ ડ્રેસમાં યુવાધન હિલોળે ચઢ્યું હતું છેલ્લા નોરતાએ મન ભરી રાસ ગરબા રમ્યા હતા.



વિજ્યા દશમીના પાવન પર્વ નિમિત્તે ભાથીજી ક્ષત્રિય ઠાકોર સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત 'ક્ષત્રિય ના આભૂષણ સમાન' "શસ્ત્ર પૂજન" કાર્યક્રમનું આયોજન આંબલીયારા ગામ માં સવારે દસ વાગ્યે વિધિવત રીતે (શાસ્ત્રો મુજબ) કરવામાં આવ્યું હતું તથા બાયડ,માલપુર તાલુકાના સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિધિવત રીતે શસ્ત્રોનું પૂજન, તલવાર બાજી, મહા આરતી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અંતે સમાજના આગેવાનો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે સમાજમાં રહેલ કુરિવાજો દૂર કરવા મ્હ્જી ટ્રસ્ટ દ્વારા સમાજની જાગૃતિ રૂપે કાર્યક્રમો યોજી પ્રયત્ન કરવામાં આવશે.

# ઉત્તરગુજરાતના ગરીબોને દિવાળી પર રૂ. ૯૩માં કપાસિયા તેલ મળશે

### સરકાર ૭૦ રૂપિયા સસ્તું તેલ આપશે

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

દિવાળીના તહેવારો પૂર્વે ખાદ્ય તેલના ભાવ ભડકે બળી રહ્યા છે ત્યારે સરકારે ગરીબોની દિવાળી સુધારવા સસ્તું તેલ આપવાનો નિર્ણય લેતા ઉત્તરગુજરાતના બી.પી એલ અને એન. એફ.એસ. એ ના અગ્રતાક્રમ ધરાવતા પરિવારોને દિવાળીના તહેવાર પર રૂ.૯૩માં એક લીટર કપાસિયા તેલ મળી શકે છે.

નવરાત્રી પર્વ સંપન્ન થયા પછી દિવાળી નજીક છે પણ વધતી મોંઘવારી માં ખાદ્ય તેલ ના ભાવ માં અસહ્ય વધારો થયો હોવાથી ધરમાં નાસ્તા ફરસાણ બનાવવું ગરીબો માટે મુશ્કેલ બન્યું છે.જોકે સરકારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરીબ કાર્ડ ધારકો ની દિવાળી સુધરે તેમાટે નવેમ્બર મહિનામાં કપાસિયા તેલ આપવાનો નિર્ણય લીધો છે.હાલમાં બજારમાં કપાસિયા અને સીંગ તેલનો કિલો નો ભાવ રૂ.૧૧૫ થી ૧૭૫ સુધી પહોંચી ગયો છે જેના કારણે તહેવારોનો આનંદ ફિકો પડી શકે તેવી સ્થિતિ છે.ગરીબો પણ તહેવારોની ઉજવણી કરી શકે તે માટે સરકાર રૂ.૯૩ ના ભાવે એક કિલો તેલ આપવા ની હોવાથી દરેક જિલ્લા માં ગરીબ કાર્ડ ધારકોની સંખ્યા મુજબ તેલનો જથ્થો ખરીદવા તૈયારી શરૂ કરવામાં આવી છે.ઉલેખનિય છે કે તાજેતરમાં સાતમ આઠમના તહેવારો સરકારે વધારાનો રેસનિંગ નો પુરવઠો ફાળવ્યો હતો પણ સર્વરમાં ખામી સર્જાતા અસંખ્ય કાર્ડ ધારકો હેરાન પરેશાન બાની ગયા જેમાં કેટલાકને તો જથ્થો મળ્યો જ ન હોવાની ફરિયાદો વચ્ચે હવે સરકારે સસ્તું તેલ આપવાનો નિર્ણય કર્યો છે તો આ જથ્થો સમયસર સસ્તા અનાજની દુકાનોમાં માં પહોચ્યા પછી જરૂરિયાત મંદ કાર્ડધારકો ને વિના અડચને મળે તેવી વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે.

# જિલ્લામાં નવરાત્રીની પૂર્ણાહૂતિ સાથે ટામેટાના ભાવમાં ભડકો

### ૧ કિ.ગ્રા.નો ૭૨ રૂ. ભાવ, રસોઈ બે સ્વાદ બનશે

બાયડ, તા. ૧૫

કમોસમી વરસાદથી ટામેટા ઉત્પાદન કરતા રાજ્યોમાં દેખાયેલી ભાવની આગ ગુજરાત તેમજ ઉત્તર ગુજરાત સુધી જોવા મળી છે. નવરાત્રીની પૂણાહૂતિ સાથે શાકભાજી-ટામેટામાં આગ ઝરતી તેજીથી રસોઈ બેસ્વાદ બનવાની સંભાવના વધી છે. હોટલ રેસ્ટોરન્ટમાંથી ધીરે ધીરે ટામેટાં અદૃશ્ય થઈ શકે છે.

વરસાદ-અસંતુલિત હવામાનના કારણે ખેતી અને માનવ આરોગ્ય ક્ષેત્રે પ્રતિકૂળ સ્થિતિનું સર્જન થઈ રહ્યુ છે. સતત વધતી મોંગવારીથી ગરીબ વર્ગ પાયમાલ થઈ રહ્યો છે. મધ્યમવર્ગની હાલત ન સહેવાય ન કહેવાય જેવી બની રહી છે. કમોસમી વરસાદથી ટામેટાના પાકને સૌથી વધુ નુકશાન થયુ છે અને તેની અસર શોર્ટ સપ્લાય થતાં જથ્થાબંધ અને છૂટક શાકભાજીના વેપારીઓ પ્રજાને લૂંટવામાં કોઈ કસર છોડવા તૈયાર નથી.

જિલ્લામાં પણ ટામેટાના ભાવથી દાઝી જવાય તેવી સ્થિતિ છે. એક પછી એક સ્વાદિષ્ટ શાકભાજી માટે અનિવાર્ય ટામેટાં, ડુંગળીના ભાવ ઉંચકાતા પ્રજા આ બન્ને શાકભાજી ખાવાનું છોડી દે તેવી સ્થિતિ છે.

# જિલ્લામાં નોરતાંના ઉમંગમાં નિયમ નેવે મુકાયા

### ગરબામાં ભીડથી સંક્રમણનું જોખમ

મોડાસા તા.૧૫

નોરતાના ઉમંગમાં ને ઉમંગમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નવરાત્રી સ્થળોએ કોવિડ ના નિયમો નેવે મૂકી દેવાતાં જિલ્લામાં અંકુશમાં આવેલ કોરોના ફરી બેઠો થવાની ભીતી છે.ગરબા સ્થળે ભીડ ઉપર નિયંત્રણ ન રાખતાં છેલ્લા દિવસોમાં કોરોનાને રીતસરનું નિમંત્રણ આપતાં દૃશ્યો એ ચિંતા વધારી છે.

સરકારે આ વખતે કોરોનાનું સંક્રમણ ઓછું થતાં પ્રજાની ધાર્મિક આસ્થાને ધ્યાનમાં રાખી ખાસ ગાઈડલાઈન સાથે ૪૦૦ વ્યક્તિ ઓ ના પ્રવેશ સાથે શેરી ગરબાની છૂટ આપી હતી પણ શરૂઆતના દિવસોમાં નિયમોનું પાલન ક્યાંક ક્યાંક જોવા મળ્યા પછી મોટા ગામડાઓમાં ઉજવાયેલા નવરાત્રી સ્થળોએ છેલ્લા દિવસોમાં ફરજિયાત માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સ ના નિયમોનો છેદ ઉડી જતાં કોરોનાનું જોખમ ઉભુ થવાની દહેશત છે.ખેલૈયાઓ એ ગરબાના ઉમંગમાં તમામ સાવચેતી નજર અંદાજ કરી છે જેના કારણે ચિંતામાં વધારો થયો છે.સરકારે પણ માત્ર ગાઈડલાઈન જાહેર કરી નવરાત્રિમાં ગાળિયો કાઢી નાખ્યો હોય એમ નવરાત્રી સ્થળોએ અંતિમ દિવસોમાં આરતી અને ગરબા સમયે નિયમ ના ભંગ થતા જોવા મળ્યા હતા.સ્થાનિક તો ઠીક પણ મુંબઈ,અમદાવાદ,સુરત અને વડોદરા ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્ર માં વસવાટ કરતા અસંખ્ય પરિવારો નવરાત્રી માટે વતનમાં આવ્યા હતા અને તેમનું કોઈ પણ પ્રકારનું તબીબી પરીક્ષણ થયું ન હોવાના કારણે હવે નવરાત્રી બાદ કોરોના સંક્રમણના નવા કેસમાં વધારો થવાની ચિંતા વ્યક્ત થઈ છે.

# અરવલ્લીના વહીવટદારની શામળાજી મુલાકાતથી આશ્ચર્ય

### આઠમના દિવસે ભુવાના ત્યાં જઈ 'અધિકારી વશ'ની વિધિ કરાવ્યાની ચર્ચા

અરવલ્લીના માનીતા વહીવટદારની શામળાજી મુલાકાતથી અનેકને આશ્ચર્ય થયુ છે. આઠમના દિવસે ભુવાના ત્યં જી અધિકારીઓ પોતાનાથી ઓજલ થઈ રહ્યા છએ તે અધિકારીઓ 'વશ' તે માટે વિધિ કરાવ્યાની ચર્ચા છે. પોતાની કારમાંથી કેટલીક સામગ્રી ભુવાજીના ત્યાં ઉતાર્યાનું સંભળાય છે.

જિલ્લામાં દારૂ-ડ્રગ્સની હેરાફેરી વધી, ઓગષ્ટ-શ્રાવણ માસમાં હાઈ પ્રોફાઈલ જુગારધામ ઝડપાયા અને પછી કેટલાક અધિકારી સાઈડલાઈન થયા તેમાં કહેવાય છે કે અરવલ્લીના વહીવટદારને આ ખુંચતુ હતુ તે કાંટા દૂર કર્યા અને વહીવટદારે ભિલોડાથી સાઠંબા સુધી પોતાની જાળ બિછાવી દીધી છે. મિડીયામાં માત્ર શામળાજી પોલીસ સ્ટેશન લાઈમ ટાઈમમાં રહે તેવી ગોઠવણી કરી મેઘરજ-માલપુર-સાઠંબા-બાયડ પોલીસ સ્ટેશનની હદનો વહીવટદાર ચતુરાઈપૂર્વક ઉપયોગ કરી રહ્યો છે. વહીવટદાર શામળાજીની મુલાકાતે ગયો ત્યારે તેના પોકેટમાંથી ૧૮ થી ૨૦ મોબાઈલ નંબર લખેલી ચબરખી પડી ગયા પછી યોગ્ય હાથમાં પહોંચી જતાં હવે વહીવટદારનો જ વહીવટ થઈ જાય તેવી સ્થિતિ છે.

### વિજાપુર પાસે આગલોડ જૈન તીર્થમા


# સાબરકાંઠા ભાજપની પ્રશિક્ષણ વર્ગ આગામી ૧૯ થી ૨૧ ના રોજ યોજાશે

ભારતીય જનતા પક્ષ સાબરકાંઠા જીલ્લા દ્વારા ૧૯થી ૨૧મી ઓકટોમ્બરના રોજ જીલ્લાના અપેક્ષીત હોદેદારોની પ્રશિક્ષણ વર્ગ રાખેલ છે. વિજાપુર તાલુકાના આગલોડ જૈન તીર્થ ખાતે યોજાનારી વર્ગ શીબીર અંગે યોજાયેલી બેઠકમાં માહિતી આપતા જીલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, કનુભાઈ પટેલ,વિજયભાઈ પંડ્યા, જીલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલે આ અંગે વધુ વિગત આપતા જણાવેલ કે, ભાજપ દ્વારા પ્રથમ વખત ત્રણ દીવસની શીબીર રાખવામાં આવેલ છે. જેમાં દરેક સત્ર ૫૦ મિનિટનુ હશે.

# ધનસુરા તાલુકામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે ૫૪૧થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી

સરકાર દ્વારા ટેકા ના ભાવે મગફળી ની ખરીદી કરવા માટે ની જાહેરાત કરાઈ છે ત્યારે ધનસુરા તાલુકા માં ટેકા ના ભાવે મગફળી નું રજિસ્ટ્રેશન શરૂ છે જેમાં ખેડૂતો મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન માટે આવી રહ્યા છે ધનસુરા ગ્રામ પંચાયત માં પણ નોંધણી શરૂ છે ધનસુરા તાલુકા માં આ વખતે મગફળી નું મોટા પ્રમાણમાં વાવેતર થયું હતું હાલ ખેડૂતો મગફળી કાઢવા ની કામગીરીમાં જોડાયા છે ત્યારે હાલમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી માટેના રજિસ્ટ્રેશન શરૂ થયા છે ત્યારે ખેડૂતો મોટીસંખ્યામાં રજિસ્ટ્રેશન માટે આવી રહ્યા છે.

ખેડૂતો ૭-૧૨ અને ૮-અ ના ઉતારા, બેંક ની પાસ બુક, આધાર કાર્ડ, તલાટી દ્વારા આપવામાં



આવતો દાખલો સહિતના જરૂરી પુરાવા સાથે રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે ટેકાના ભાવે મગફળીનું રજિસ્ટ્રેશન કરવા માટેની છેલ્લી તારીખ ૩૧-૧૦-૨૦૨૧ છે ગ્રામ પંચાયતો ના ઈ-ગ્રામ સેન્ટરો તેમજ છ તાલુકા ના છઁસ્ઝ ખાતે ટેકા ના ભાવે મગફળી નું રજિસ્ટ્રેશન શરૂ છે જિલ્લા માં અત્યાર સુધી ૯૬૦૦ થી વધુ ખેડૂતોએ ટેકા ના ભાવે મગફળીનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

# પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાંથી ઘંટની ચોરી

### અંદાજે ૨૫ હજારના પંચધાતુ ઘંટની ચોરી : ચોરી ઘંટના મંદિરમા લાગેલ સીસી ટીવી કેમેરામા કેદ : પ્રાંતિજ પોલીસે સીસી ટીવી કેમેરો ફુટેજ આધારે ચોરની શોધખોળ હાથ ધરી : બે દિવસ પહેલા રેલ્વે સ્ટેશન મહાકાલી મંદિરમાંથી ઘંટની ચોરી થઈ હતી

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભરચક્ર વિસ્તારમા



આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરમાંથી રાત્રીના સમયે મંદિરમા રહેલ પંચધાતુના ઘટની ચોરી તો ચોરીની સમગ્ર ઘટના મંદિરમા લાગેલ સીસી ટીવી કેમેરામા કેદ પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે મંદિરમા રહેલ બે ઘટમાંથી એક પંચધાતુનો રહેલ ઘટ કે જેની અંદાજિત કિંમત-૨૫,૦૦૦ કે કોઈ અજાણ્યો ચોર ઈસમ દ્વારા રાત્રીના સમયે મંદિર ખાતે આવી મંદિરની ફરતા લાગેલ જારી ઉપર ચડીને મંદિરમા જઈને મંદિરમા લાગેલ બે ઘટ પૈકી એક મોટો પંચધાતુનો ઘટ જેની અંદાજિત કિંમત-૨૫,૦૦૦ કોઇ અજાણ્યો ચોર ચોરી કરી



ગયો હતો તો ઘટ ચોરવા આવેલ ઈસમ મંદિરમા લાગેલ સીસીટીવી કેમેરામા કેદ થયો હતો તો મંદિરમા ઘટ ચોરી કરવા આવેલ ૪૫ થી ૫૦ વર્ષની ઉમરનો અને માથામા સફેદ કલરના બાલ એક અજાણ્યો ઘટ ચોર મંદિરમા લાગેલ કેમેરામા કેદ થયો હતો તો પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમા આવેલ મહાકાલી મંદિર ખાતે પણ બે દિવસ પહેલા જ મંદિરમા રહેલ બે ઘટ પૈકી એક ઘટની ચોરી થઈ હતી તો પ્રાંતિજ પોલીસને જાણ કરતા હાલ તો પ્રાંતિજ પોલીસ દ્વારા મંદિરમા લાગેલ સીસી ટીવી કેમેરાના આધારે ઘટ ચોર અજાણ્યા ઈસમની શોધખોળ હાથ દરી છે.